# પોથીધર્મ કરતાં સંસારધર્મ શ્રેષ્ઠ

–દીનેશ પાંચાલ

મનોજે જરા અકળાઈને કહ્યું, ‘માયા, તું એક વાત સમજી લે. મેં અગાઉ પણ તને કહ્યું છે : મારાં બહેન–બનેવીને કેવી રીતે જીવવું તેની સલાહ આપણે આપવાની જરૂર નથી. આપણાં જીવનમાં એ લોકો માથું નથી મારતાં. આપણે પણ એમને વણમાગી સલાહ ન આપવી જોઈએ. તેઓ ગરીબ છે; પણ તેમનેયે સ્વમાન હોય. તેમને માઠું લાગે એવું વર્તન આપણે ન કરવું જોઈએ. વડીલ તરીકે મમ્મી તેમને કોઈ શીખામણ આપે તે કંઈકે યોગ્ય લેખાય; પણ તું તેમને સીધું એમ કહી દે કે તમારી વધુ પડતી ધાર્મીકતાને કારણે તમે દુ:ખી છો, તો તેમને ખોટું લાગે અને અમનેય લાગે, સમજી ?’ માયાએ હસીને કહ્યું, ‘હા, સમજી ગઈ !’ મનોજની હાથમાં ઑફીસની બૅગ પકડાવતાં માયાએ કહ્યું : ‘તમારી વાત સાચી છે. આઈ ઍમ વેરી સૉરી !’ મનોજ ઑફીસ જવાના સમયે વાત લઈને બેઠો હતો. ચર્ચા માટેનો એ યોગ્ય સમય ન હતો. માયાએ હસીને ‘સૉરી’ કહ્યું તેથી એનો અડધો ગુસ્સો ઉતરી ગયો અને બાકીનો અડધો માયાએ ખાસ નજરથી જોઈને તેને કહ્યું : ‘સાંજે વહેલા આવજો !’ તે સાંભળીને ઉતરી ગયો.

સાંજે માયાએ મંગળાબહેનની હાજરીમાં ચર્ચા છેડતાં કહ્યું : ‘મમ્મીજી, મારે એક વાત જણાવવી છે. તમે બન્ને મારાથી ઉમ્મર, અનુભવ ને બુદ્ધીમાં મોટાં છો. જીવનનો તમને જેટલો અનુભવ છે તેટલો મને નથી. હું તો તમારી પાસેથી બધું શીખી રહી છું. ક્યારેક મને પ્રશ્નો થાય અથવા હું મારા અલગ વીચારો વ્યક્ત કરું તેથી એવું ન માની લેશો કે હું તમારો વીરોધ કરું છું. હું તો માત્ર જીજ્ઞાસા ખાતર મારા વીચારો જણાવું છું. હું ખોટી પણ હોઈ શકું. મને તમારી સાથેની ચર્ચામાં જીવનના પાઠો શીખવા મળે છે, મારી ભુલ થતી હોય તો તે સુધારવાની તક મળે છે.’

મંગળાબહેનને અણસાર આવી ગયો એમણે જરા તીખા સ્વરે કહ્યું : ‘વહુ, તું મારાં દીકરી–જમાઈની ફરીયાદ કરવાની હોય તો વાત કાઢીશ જ નહીં. મારે ચર્ચા નથી કરવી.’ મનોજે પણ કહ્યું : ‘માયા, મેં તને સવારે પણ કહ્યું હતું. મારાં બહેન–બનેવીના અંગત જીવનમાં માથું મારવાનો આપણને કોઈ હક્ક નથી.’ માયાએ જોયું કે સાસુ અને પતી બન્નેનાં દીમાગ પર સવારની ચર્ચાનું ધુમ્મસ હજી છવાયેલું છે એથી એણે સ્મીતપુર્વક વાતનો વીંટો વાળતાં કહ્યું : ‘મમ્મીજી ચર્ચા નથી કરતી; હું તો તમારી માફી માગું છું. મનોજે સવારે સાચું જ કહ્યું હતું : વડીલ તરીકે તમે તેમને કાંઈ કહો તે યોગ્ય ગણાય; પણ હું તો ઘરમાં સૌથી નાની છું. મારાથી તેમને શીખામણ ન અપાય. એથી

જ કહું છું કે મારાથી તેમને જાણ્યે–અજાણ્યે કાંઈ કહેવાઈ ગયું હોય તો મને ક્ષમા કરજો. તમે રજા આપતાં હો તો હું ફોન કરી તેમનીયે માફી માંગી લઉં.'

મંગળાબહેન કશું બોલ્યાં નહીં; પણ મનોજે કહ્યું : 'ના, ફોન કરવાની જરુર નથી. પણ હવેથી એ વાતનું ધ્યાન રાખજે.' માયાએ ફ્રીજમાંથી તુવેરની શીંગ ફોલવા માટે કાઢી અને કશું જ ન બન્યું હોય એમ હસમુખા ચહેરે ડાઈનીંગ–ટેબલ પર તે લઈને બેઠી. થોડી વારની ખામોશી પછી મંગળાબહેન પણ શીંગ છોલવામાં જોતરાયાં. તેમનો ગુસ્સો ઉતરી ગયો હતો. બલકે તેઓ સ્વયમ્ એવું ઈચ્છવા લાગ્યાં કે માયા શું કહેવા માગે છે તે સાંભળવું જોઈએ. તેની વાત માનવી કે ન માનવી તે અલગ વાત છે; પણ તેના વીચારો જાણવામાં કોઈ નુકસાન નથી. મંગળાબહેને જરા અચકાઈને દીકરી–જમાઈની વાત છેડવાની કોશીશ કરી; પણ માયાએ એ અંગે અક્ષર પણ ઉચ્ચાર્યો નહીં.

પછી એક ખાસ ઘટના બની. મનોજ અને મંગળાબહેન કોઈ અન્ય મુદ્દા પર રસોડામાં વાતે વળગ્યાં ત્યારે માયાના બેડરુમમાં તેની સખી ગૌરીનો ફોન આવ્યો. માયાએ રુમમાં જઈને ગૌરીનો ફોન લીધો. ગૌરીને કોણ જાણે કેવી રીતે આ વાતની જાણ થઈ હતી (અથવા કદાચ આકસ્મીક હશે), તેણે એ મુદ્દા પર જ પ્રશ્નોત્તરી ચાલુ કરી. માયા, પતી અને સાસુ સાથે જે ચર્ચા કરી શકી ન હતી તે વાત ફોન પર એણે ગૌરી સાથે કરી. સારું કહો કે ખરાબ; પણ અહીં બીજી વાત એ બની કે માયાની એ બધી જ વાતો દરવાજા બહાર ઉભાં રહી મા–દીકરાએ સાંભળી !

માયાએ કહ્યું : 'ગૌરી, થોડા દીવસ પર મારાં નણંદ–નણદોઈ આવ્યાં હતાં. મેં ભોળાભાવે તેમને થોડી શીખામણ આપી. એમનું અપમાન કરવાનો મારો કોઈ ઈરાદો નહોતો; પણ કદાચ એમને માઠું લાગી ગયું. મમ્મીજી અને મનોજને પણ દુ:ખ થયું છે. હમણાં જ તેમની માફી માગીને તારો ફોન લેવા આવી છું. ગૌરી, કદાચ તેઓ સાચાં હશે; પણ તેમનો દૃષ્ટીકોણ હું સમજી શકતી નથી. ખાસ તો મને એ જાણવામાં રસ છે કે તેઓ કઈ રીતે સાચાં છે ? બન્નેનાં મગજ ગરમ હતાં, એથી મેં ચર્ચા અટકાવી દીધી; પરન્તુ મારાં નણંદની આર્થીક સ્થીતી સારી નથી. ત્રણ દીકરા ને બે દીકરી મળીને કુલ નવ માણસોનો બહોળો પરીવાર છે. બે મહીનાથી નણદોઈની નોકરી છુટી ગઈ છે. બીજી નોકરી મળી છે; પણ પગાર બહુ ઓછો હોવાથી ઘરમાં પૈસાની તંગી રહે છે. છોકરાઓની ફી અને પુસ્તક વગેરેનો ખર્ચ અમે ઉઠાવીએ છીએ. તેનીયે તકલીફ નથી; પણ તેઓ ધર્મ અને ભક્તીના નામે આંધળો ખર્ચ કરે છે. દર મહીને તેઓ ઘરમાં સત્યનારાયણની એક કથા કરાવે છે. દર ત્રીજે મહીને નાસીક, ત્ર્યંબક, શીરડી જેવાં ધાર્મીક સ્થળોનાં દર્શને જાય છે. એમણે દર અઠવાડીયે ચાર બ્રાહ્મણોને જમાડવાનો ટેક લીધો છે. તેનોયે વીરોધ ન કરીએ; પણ તેઓ ઉધાર–

ઉછીના કરીને ઘર માંડ ચલાવી રહ્યાં છે, માથે ડુંગર જેવું દેવું થઈ ગયું છે અને હમણાં તેઓ, ગામમાં નવા બંધાતાં મંદીરમાં સામેથી જઈને પાંચ હજારનો ફાળો આપી આવ્યાં !

'ગૌરી, હજી સાંભળ. એમનો મોટો દીકરો ભણવામાં હોશીયાર છે. હમણાં કશાકમાં નંબર લઈ આવ્યો. શાળા તરફથી એને એક હજાર રુપીયાનું ઈનામ મળ્યું. એ પૈસામાંથી દીકરાનાં ચોપડા, કપડાં ખરીદવાને બદલે તેઓ દ્વારીકા જઈને કૃષ્ણ ભગવાનના જરકસી જામા માટે પુજારીને એ પૈસા આપી આવ્યાં. તેમને અનાજ વગેરે અમે પહોંચાડીએ છીએ અને તેઓ આંગણે આવેલા ભીખારીઓની ઝોળીમાં વાસણ ભરીભરીને અનાજ ઠાલવે છે.

'ગૌરી, માંદા દીકરા માટે દવા ખરીદવાના પૈસા નથી હોતા અને દર સોમવારે શંકરના મંદીરે તેઓ એક લીટર દુધ ચડાવે છે. ધર્મ, ભક્તી અને પુજાપાઠનો વાંધો ન હોઈ શકે; પણ જીવનની સાચી જરુરીયાતને ભોગે આવા ખર્ચા ના કરવા જોઈએ. તેઓ માને છે કે વધારેમાં વધારે પુણ્ય કરીશું તો જલદી સારી નોકરી મળશે. ગૌરી, સવારે તેઓ અઢી કલાક પુજામાં ગાળે છે. ત્યાર બાદ નોટબુકમાં હજાર વાર રામનામનો મંત્ર લખે છે. પછી મંદીરે આરતી થાય તેમાં ભાગ લે છે. આ બધાં સ્થુળ કર્મકાંડોની કોઈ નક્કર ફલશ્રુતી નથી. મંત્રો લખવાને બદલે પાર્ટ ટાઈમ નામું લખે તો તે વધુ ઉપયોગી બની શકે. ગૌરી, મેં આ બધી તો નહીં; પણ આમાંની થોડીક વાતો તેમને કહી. તેમાં તેમને માઠું લાગી ગયું.

'ગૌરી, મારાં સાસુજી ખુબ દયાળુ અને ભોળાં છે. મનોજ પણ લાગણીશીલ છે. મારાં માવતરને હું વહાલી છું તેમ એમને પણ દુ:ખી દીકરી પ્રત્યે લાગણી હોય તે ખોટું નથી; પણ ગૌરી, આપણું સ્વજન ગેરમાર્ગે જતું હોય તો તેને રોકવાવાળું કોઈક હોવું જોઈએ. દીકરી વહાલી હોવી જ જોઈએ; પણ દીકરીના દુર્ગુણો નહીં. કોઈકે તો તેની ભુલ બતાવવી જોઈએ. નહીં તો જીવનની ખાનાખરાબી હમ્મેશાં ચાલુ જ રહે. ગૌરી, હું માનું છું કે ઈશ્વરની ભક્તીથી મનને શાંતી મળી શકે; પણ સુખસમૃદ્ધી તો શ્રમ અને બુદ્ધીથી જ મળી શકે. જીવનનું કલ્યાણ પુજાપાઠથી નહીં; કર્મથી જ થઈ શકે.'

કોણ જાણે કેવી રીતે માયાને અચાનક અહેસાસ થયો કે કોઈ એની વાતો સાંભળી રહ્યું છે. એણે ગરદન ઘુમાવીને પાછળ જોયું તો પાછળ મનોજ અને મમ્મીજી સાંભળી રહ્યાં હતાં. એક ક્ષણ વીજળીના કરન્ટ જેવી ધ્રુજારી એના દેહમાંથી પસાર થઈ ગઈ. શું બોલવું તે ન સમજાતાં એ દોડીને મંગળાબહેનને વળગી પડી અને ભાંગી પડતાં કહ્યું, 'મમ્મીજી, તમને કાંઈ કહી ના શકાયું એટલે હું મારી સહેલી આગળ હૈયું ઠાલવતી હતી. મને માફ કરજો. મને પણ બહેનની બહુ ચીન્તા થાય છે; પણ હું એકલી તેમનું દુ:ખ શી રીતે દુર કરી શકું ?' માયા લગભગ ધ્રુજી ઉઠી.

માયાના આશ્ચર્ય વચ્ચે મંગળાબહેને ગમ્ભીર અવાજે કહ્યું : ‘મનોજ, હું મા છું. મારી દુ:ખી દીકરી મને ખુબ વહાલી છે; પણ બુદ્ધી પર મમતાના પાટા બંધાઈ ગયા હતા, તેથી તેમની ભુલ મને દેખાતી નહોતી. પણ તું આ વહુ જેવું કેમ ન વીચારી શક્યો ? એણે મારી આંખ ઉઘાડી દીધી. વહુબેટા, તું સાચું કહે છે. ઘરના ગળતા ધાબા માટે જેની પાસે હજાર રુપીયા ન હોય તેણે મન્દીરના ફાળા માટે પાંચ હજાર રુપીયા ન આપવા જોઈએ. કૃષ્ણને જરકસી જામાની ખોટ નથી. એ ઈનામના એક હજાર રુપીયામાંથી કપડાં વગેરે જરુરી ચીજો ખરીદવી જોઈતી હતી. વહુબેટા, પહેલાં તો તારી વાત ન સાંભળવા બદલ અને પછી છુપાઈને સાંભળવા બદલ દીલગીર છું; પણ એ ન સાંભળી હોત તો મારી આંખો ખુલી ન હોત !’

માયા ગદગદ થઈ ગઈ. તેણે લાગણીભીના સ્વરે મનોજ તરફ જોઈને કહ્યું : ‘આપણે દુ:ખમાં આવી પડેલી બહેનને મદદ કરીએ તે ખોટું નથી; પણ તેમને પૈસા આપીને મદદ કરવા કરતાં, તેમને સાચી વાત જણાવીને, તેમની ભુલ ભાંગીશું તો તે પૈસા વધુ ઉપયોગી થશે.’

મનોજ કશું જ ન બોલ્યો; પણ એની આંખો જાણે કહેતી હતી : ‘માયા, મમ્મીની જેમ હું પણ ભુલ કરી બેઠો; નહીંતર સમજાઈ શકે તેવી વાત છે કે ભક્તીથી મનને શાન્તી મળી શકે; પણ સુખસમૃદ્ધી તો બુદ્ધી અને પરીશ્રમથી જ મળી શકે.’

–દીનેશ પાંચાલ

લેખકના તાજેતરમાં પ્રકાશીત થયેલ રુપકડા પુસ્તક ‘હૈયાંનો હસ્તમેળાપ’(Spiritual Articles For Married Life) (પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળના નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ ફોન : ૦૭૯–૨૨૧૪ ૪૬૬૩ ઈમેલ : goorjar@yahoo.com , પૃષ્ઠ : ૨૦૦, મુલ્ય : રુપીયા ૨૫૦)માંથી સાભાર..

લેખકસમ્પર્ક:

શ્રી. દીનેશ પાંચાલ, સી-12, મજુર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર, નવસારી - 396 445 ફોન: 02637 242 098 સેલફોન: 94281 60508

## પુસ્તક વીશે...

‘સાહીત્ય અકાદમી’ અને ‘સાહીત્ય પરીષદ’ વગેરેનાં ઈનામો મેળવી ચુકેલા શ્રી. દીનેશભાઈ પાંચાલ ગુજરાતના ઘણાં દૈનીકો અને સામયીકોમાં લખે છે એટલે સીદ્ધહસ્ત લેખક તરીકે ગુજરાતમાં જાણીતા છે. તેઓનું તેરમું પુસ્તક ‘હૈયાંનો હસ્તમેળાપ’ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય તરફથી પ્રકાશીત થયું છે. લેખકના રૅશનલ દૃષ્ટીકોણવાળાં ચીન્તનાત્મક પુસ્તકો વાચકોને અને તેથી પ્રકાશકને વધુ પસન્દ આવે છે. ‘ગુર્જર ગ્રંથરત્ન પ્રકાશન’ના માલીક–પ્રકાશક શ્રી. મનુભાઈ શાહના

અંગત પારીવારીક લગ્નપ્રસંગે ખાસ લગ્નવીષયક ચીન્તન પીરસતું પુસ્તક પ્રગટ કરીને કંકોત્રી સાથે દરેકને ભેટ આપવાની સુન્દર પ્રણાલી છે. આ પ્રણાલી મુજબ તાજેતરમાં શ્રી. મનુભાઈના ભત્રીજા ધીમંતના લગ્ન નીમીત્તે સૌને કંકોત્રી સાથે શ્રી. દીનેશભાઈનું પુસ્તક 'હૈયાંનો હસ્તમેળાપ' ભેટ આપવામાં આવ્યું હતું. આ પુસ્તક સૌને ખુબ ગમ્યું. પછી લોકો તરફથી આ પુસ્તકની ખુબ જ માંગણીઓ આવતાં ઘણાં બધાં ચીત્રો અને સાહીત્યકારોના ક્વોટેશન્સવાળા આ પુસ્તકની વેચાણ માટે નવી આવૃત્તી પ્રગટ કરવામાં આવી છે.

લેખકે પોતાની કલમ દ્વારા આજના સમયને અનુરુપ મનોજ અને માયાના દામ્પત્ય જીવનમાં છાસવારે થતાં મતભેદો અને મનમુટાવ વગેરેની કથા વર્ણવીને તે સૌના ઉકેલ પણ અત્યન્ત સહજ રીતે બતાવ્યાં છે. એક ખુબ ભણેલી ઈન્ટલેક્ચ્યુઅલ એવી કૉલેજની લેક્ચરર (માયા) એના દામ્પત્યજીવનની તમામ સમસ્યાઓમાંથી કેવી સુઝબુઝથી માર્ગ કાઢે છે તેનું તેમણે રૅશનલ દૃષ્ટીકોણથી નીરુપણ કર્યું છે. દરેક સાસરે જતી નવોઢા માટે આ પુસ્તક 'ગાઈડ'ની ગરજ સારે એવું છે. લેખકે સમસ્યાઓ સાથે ઉકેલનું વાસ્તવીક શબ્દચીત્રણ 'હૈયાંનો હસ્તમેળાપ' પુસ્તકમાં રજુ કર્યું છે. હવે આ પુસ્તક વેચાણ માટે ઉપલબ્ધ છે. પ્રાપ્તી સ્થાનઃ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળના નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–380 001 (ફોનઃ (079) 2214 4663 ઈ.મેઈલઃ goorjar@yahoo.com

'સન્ડે ઈ–મહેફીલ'ને આ પુસ્તક ભેટ મોકલવા બદલ લેખકશ્રીનો અને 'ગુર્જર પ્રકાશન'ના શ્રી મનુભાઈનો ખુબ ખુબ આભાર. ..ગોવીન્દ મારુ અને ઉત્તમ ગજ્જર..

♦●♦

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષઃ નવમું - અંકઃ 293 – April 06, 2014

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 2,85,70,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 28,00,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 6,14,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@